જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૫/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૯૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૮૦	૩	૧૧૪૮૩	૧૭૫૯૯	૩	૧૭૬૦૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૩	૦	૮૩	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૭૧૬૩	૩૪૮	૪૭૫૧૧	૪૭૯૧૧	૩૨૪	૪૮૨૩૫
કુલ		૬૩૪૩૪	૩૫૧	૬૩૭૮૫	૭૨૦૫૪	૩૨૭	૭૨૩૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૮	૭૮,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૮૩	૧૭,૮૩,૦૦૦/-

ઘરફોડના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

ચોરીના ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૦,૫૦૦/-સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૦/૦૫/૨૦૨૧ ના કલાક ૧૪/૩૦ વાગે ગોવિંદવાડી ચાર રસ્તા ખાતેથી અ.હે,કો કુલદિપસિહ હરૂભા તથા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી શાહરૂખ ઉર્ફે વકિલ સ/ઓ ઇકરામુદ્દીન હકિમુદ્દીન અન્સારી ઉ.વ ૨૭ રહે, બ્લોક નં-૬૩/૧૧૧ વટવા ચાર માળીયા સદભાવનાનગર ઉમંગ ફ્લેટની સામે વટવા અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી (૧) એક એમ.આઇ રેડમી નોટ-૫ પ્રો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/-તથા (૨) એક સેમસંગ કંપનીનો ગેલેક્ષી જે-૪ પ્લસ મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫૦૦૦/-તથા (૩) એક સેમસંગ કંપનીનો સાદો કી-પેડવાળો ફોન કિંમત રૂપિયા ૫૦૦/-નો મળી કુલ રૂપિયા ૧૦,૫૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૧૧૬૬૪/ ૨૦૨૧ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૨૧/૦૫/૨૦૨૧



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

જુગારનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા તા ૨૦/૦૫/૨૦૨૧ ના રોજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ સાહેબ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા ફરતા ચંડોળા તળાવ ગરીબનવાઝ મસ્જીદ પાસે આવતા સાથેના અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી હકિકત આધારે ચંડોળા તળાવ હુસેની મસ્જીદની ગલીમા જાહેરમા ગંજીપાનાથી પૈસાનો હારજીતનો માંગપત્તાનો જુગાર રમી રમાડતા પાંચ આરોપીઓને કુલ રૂપિયા ૧૦,૯૫૦/- તથા ગંજીપાના નંગ-૫૨ તથા મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૧,૦૦૦/-ના સુઝુકી એકસેસ નંગ-૨ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૭૬,૯૫૦/-ના મુદ્દામાલ સાથે તા ૨૦/૦૫/૨૦૨૧ ના કલાક ૨૧/૪૦ વાગે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૧૧૬૮૯/૨૦૨૧ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૨૧/૦૫/૨૦૨૧

પકડાયેલ આરોપીઓ

(૧) આશીફ ઉર્ફે બકરી શરીફખાન પઠાણ ઉ.વ ૩૮ રહે,ગરીબનવાઝ મસ્જીદ પાસે હુસેની મસ્જીદની સામે ચંડોળા તળાવ ઇસનપુર (૨) અખ્તરનવાઝ અબ્દુલ્લા શેખ ઉ.વ ૨૪ રહે, ગરીબનવાઝ મસ્જીદ પાસે અશરફ કિરાણા સ્ટોરની ગલીમા ચંડોળા તળાવ ઇસનપુર (૩) મહંમદફીરોજ નિયાઝમહંમદ શેખ ઉ.વ ૩૨ રહે,હમઝા ફ્લેટ આર.એમ.પાન પાર્લરની બાજુમા બેરલ માર્કેટ દાણીલીમડા (૪) શબ્બીરઅહેમદ સરતાજઅહેમદ મન્સુરી ઉ.વ ૫૨ રહે,સુર્યનગરના છાપરા ગફારભાઇ ભંગારવાળાની બાજુમા ઇસનપુર (૫) ઉમ્મીદભાઇ મંજુરઅહેમદ શેખ ઉ.વ ૫૫ રહે, મ.નં ૧૧ બુધાલાલની ચાલી શફી મંઝીલની સામે ગુજરાત ટુડે પ્રેસની આગળ શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર

કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) રોકડા નાંણા રૂપિયા ૧૦,૯૫૦/-(૨) ગંજીપાના નંગ-૫૨ કિંમત રૂપિયા ૦૦/૦૦ (૩) મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૧,૦૦૦/-(૪) સુઝુકી એકસેસ -૨ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૭૬,૯૫૦/-નો મુદ્દામાલ



તડીપાર થયેલ આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

તડીપાર કરેલ ઈસમને પકડી પાડતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબ શ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી.એલ.ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારીશ્રી ઓની જરૂરી સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાથી તડીપાર કરેલ ઇસમોને આવાર-નવાર ચેક કરી હાજર મળી આવેથી તેઓના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ કરેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગ દર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.ન ૫૫૫૯ તથા અનાર્મ હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.ન ૪૦૮૪ તથા અ.પો.કો લાખાભાઇ દેહાભાઇ બ.ન ૬૯૩૫ તથા અ.પો.કો. અશ્વિનકુમાર વાઘાભાઇ બ.ન ૬૭૫૮ તથા અ.લો.૨ સુડાભાઇ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ નાઓ સાથે રાણીપ પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન અ.પો.કો લાખાભાઇ દેહાભાઇ બ.ન ૬૯૩૫ તથા અ.પો.કો. અશ્વિનકુમાર વાઘાભાઇ બ.ન ૬૭૫૮ નાઓ બન્નેને ખાનગી બાતમી હકીકત આધારે તડીપાર ઈસમ સુનિલ સ/ઓ છનાજી કાળુજી જાતે ઠાકોર ઉ.વ ૨૪ રહે મદ્રાસીની ચાલી સાબરમતી સેન્ટ્રલજેલ રોડ કેશવનગર સુભાષબ્રિજ અમદાવાદ શહેર નાઓને મે.મ.પો.કમિ.સા.શ્રી “જી” ડિવિઝન અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક નંબર “જી” ડિવિઝન/હદપ/૦૫/૨૦૨૧ તારીખ ૧૭/૦૨/૨૦૨૧ ના હદપારી હુકમ આધારે અમદાવાદ શહેર , અમદાવાદ (ગ્રામ્ય), ગાંધીનગર , ખેડા તથા મહેસાણા જિલ્લાઓ માથી બે વર્ષ સુધી તડીપાર કરેલ હોવા છતાં તેઓ અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતો મળી આવતા તેઓના વિરુધ્ધ ધી જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તારીખ ૨૦/૦૫/૨૦૨૧



પોકેટ કોપ મોબાઈલ ફોન આધારે બિનવારસી વાહનની તપાસ કરી ગુનો શોધી કાઢવા બાબત

રાણીપ પોલીસ સ્ટેશન

પોકેટ કોપ મોબાઈલ ફોન આધારે બિનવારસી હાલતમાં પડી રહેલ મો.સા ની તપાસ કરી નારણપુરા પો સ્ટે નો ગુનો શોધી કાઢતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સાશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રી ઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા પોકેટ કોપ મો ફોન આધારે પો સ્ટે વિસ્તારમાં બિનવારસી હાલતમાં પડી રહેલ વાહનોની તપાસ કરી કોઈ ગુનાહીત મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ રાણીપ પો સ્ટે અમદાવાદ શહેર ના એ.એસ.આઈ બીપીનકુમાર હરગોવિનદાસ બ.ન ૮૦૦૮ તથા પો.કો વસીમખાન ગુકામમયુદ્દીન બ.ન ૯૯૮૫ તથા અ.પો.કો લાખાભાઇ દેહાભાઇ બ.ન ૬૯૩૫ તથા અ.લો.૨ પ્રવિણભાઇ ઇશ્વરભાઇ બ.ન ૧૨૨૯૫ એ રીતેના તમામ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે રાણીપ પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સુભાષબ્રિજ સર્કલ ખાતે આવેલ કલેક્ટર કચેરીની બાજુમાં ખુલ્લી જગ્યામાં એક કાળા કલરનુ 'સિલ્વર' પટ્ટા વાળુ હીરો કંપનીનુ સ્પ્લેંડર પ્લસ મો.સા જેની આગળ પાછળ નંબર પ્લેટ લગાવેન ન હોય જેનો ચેસીસ નંબર 27458 એંન્જિન નંબર 13489 જે ચાવી વગરનું કિમત રૂપિયા ૧૫,૦૦૦/- જેટલી ગણી શકાય તે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામાં વિગતે કબજે કરી નારણપુરા પો સ્ટે પાર્ટ 'A' 11191034200954/2020 ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ ના ગુનાના કામનો મુદ્દામાલ પોકેટ કોપ મોબાઇલ ફોન આધારે શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તારીખ ૨૦/૦૫/૨૦૨૧

પીસીબી

ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી નાણાની હારજીતનો જુગાર રમતા ૩ ઈસમોને કુલ્લે ૨૭,૦૫૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૦.૫.૨૧ ના રોજ સ્ટાફના અહેકો જામસિહ રણુભા, અહેકો ચેતનસિહ નટવરસિહ, અહેકો પ્રદીપસિહ બળવંતસિહ, અહેકો કૃષ્ણરાજસિહ હનુભા નાઓ સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો કૃષ્ણરાજસિહ હનુભા નાઓને મળેલ બાતમી હકીક્ત આધારે ઈસનપુર મિલ્લતનગર, મુન્સીનગર,સુપ્રીમ બેકરી પાસે, શબ્બીર ઉર્ફે ગજ્જુભાઈ શેખની દુકાન આગળ જાહેરમા બોમ્બે વરલી મટકાનો સટ્ટાનો આંક લખી તે આંક ઉપર આંક ફરકનો નાણાની હારજીતનો જુગાર રમતા આરોપી મુસ્તાકભાઇ રહીમભાઇ શેખ ઉ.વ.૫૫, રહે. નવાબની ચાલી, નવાબખાનના બંગલા પાછળ, શાહઆલમ, દાણીમીલડા, અમદાવાદ તથા અન્ય બે ઈસમો મળી કુલ્લે ૩ આરોપીઓને રોકડા રુપિયા ૨૪,૦૫૦/ તથા અન્ય જુગારના સાધનો મળી કુલ્લે રુપિયા ૨૭,૦૫૦/ ના મુદામાલ સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ઈસનપુર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૨૨૨૧૧૬૮૦/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) મુસ્તાકભાઇ રહીમભાઇ શેખ ઉ.વ.૫૫, રહે. નવાબની ચાલી, નવાબખાનના બંગલા પાછળ, શાહઆલમ, દાણીમીલડા, અમદાવાદ

(૨) સવાલેહક્ક કાસમભાઇ શેખ ઉ.વ.૩૯, રહે. પતળાવાળા મકાન, સુપ્રીમ મેડીકલની સામે, મિલ્લતનગર ઢાળ પાસે, ઇસનપુર રોડ, ઇસનપુર, અમદાવાદ

(૩) જહીરએહમદ ઉર્ફે રાજુ નિશારએહમદ અંસારી ઉ.વ.૪૭, રહે. ચંડોળા તળાવની પાળે છાપરામાં, એવન સાવરણી સામે, મિલ્લતનગર, ઇસનપુર રોડ, ઇસનપુર, અમદાવાદ શહેર

વોન્ટેડ: નવાબખાન પઠાણ રહે. લીમડી ચોક, દરીયાપુર, અમદાવાદ

ગુનાની જગ્યા : ઈસનપુર મિલ્લતનગર,મુન્સીનગર,સુપ્રીમ બેકરી પાસે, શબ્બીર ઉર્ફે ગજ્જુભાઈ શેખની દુકાન આગળ જાહેરમા

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા નાણા રૂ.૨૪,૦૫૦/ (૨) મોબાઇલ ફોન નંગ ૦૪ કિ.રૂ.૩૦૦૦/ (૩) સટ્ટા બુક નંગ ૧ કિ.૦૦/ (૪) સટ્ટા બેટીગના આંક લખેલ સટ્ટા સ્લીપો નંગ ૧૬ કિ.૦૦/ (૫) સટ્ટા બેટીગના આંક લખેલ કાગળ નંગ ૨ કિ.૦૦/ (૬) બોલપેન નંગ ૧ કિ.૦૦/ (૭) લાકડા નુ પાટિયુ નંગ ૧ કિ.૦૦/ મળી કુલ રુપિયા ૨૭,૦૫૦/-



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૯૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૩૪ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૯૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૮૯૫/૨૦૨૧**

ઓઢવઃ કલ્પેશભાઇ નવનીતભાઇ પંચાલ (રહે. નેહલપાર્ક આદીનાથનગર ઓઢવ) એ તા.૨૦/૦૫/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૩/૨૦૨૧ ના રોજ આરોપી (૧) બંજરગસિંગ સુગાનસીંગ રાજપુરોહીત (રહે. અંજની રેસીડેન્સી આદિત્ય સોસાયટીની બાજુમાં જામ્બુવા વડોદરા) (૨) ફારૂકભાઈ શેખ (૩) લલીતભાઈ હરખચંદ જૈન (રહે. પરમેશ્વર એવન્યુ કાંકરીયા ગોરધનવાડી ટેકરા) કલ્પેશભાઈ પાસેથી ઇકો ગાડી નંબર જીજે ૨૭ ડીએચ ૧૫૫૪ કિમત રૂપિયા ૩,૪૧,૦૦૦/- વેચાણ કિમત નક્કી કરી રૂપિયા ૫૦૦૦/- આપી વિશ્વાસમાં લઈ વેચાણ કરાર કરાવી ઈકો ગાડી તથા અસલ આર.સી.બુક લઈ જઈ આજદીન સુધી ગાડી કે પૈસા પરત નહી આપી, ઈકો ગાડી અન્ય વ્યક્તિને વેચાણ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૮૯૬/૨૦૨૧**

ઇસનપુરઃ દિપ્તેશભાઇ વલ્લભભાઇ પરમાર (રહે. ગીતાપાર્ક અયોધ્યા પાર્કની બાજુમાં વિરાટનગર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૧ રાતના ૨૧/૩૦ થી તા.૧૯/૦૫/૨૦૨૧ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની સ્ટોપર ખોલીને અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન નંગ-૩ કિમત રૂપિયા ૪૬,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૮૯૭/૨૦૨૧**

ચાંદખેડાઃ પંકજકુમાર ભવનભાઈ મેવાડા (રહે. આનંદનગર સોસાયટી, સેક્ટર-૨૭ ગાંધીનગર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૫/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા વિસત-ગાંધીનગર હાઈ-વે, તપોવન સર્કલ પાસે આમ્રકુંજ અવિસ કોમ્પલેક્ષ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઈ ગઈ છે. જે બેગમાં બોસ કંપનીનુ મેજરમેન્ટ મશીન કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, એપલ કંપનીનો આઈફોન ૫-એસ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, ટીસોટ કંપનીની વોચ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેઝ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૮૯૮/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ શ્રધ્ધાબહેન જગદીશભાઈ પટેલ (ઉ.વ.૩૦) (રહે. સેવન્થ પેરેડાઈઝ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૫/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દોરી/દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

માધવપુરાઃ રજનીકાંત ગણપતલાલ પંડ્યા (ઉ.વ.૪૫) (રહે. સંતોષીમાતાના મંદીર મહાકાળી મંદીર રોડ માધવપુરા) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૫/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ ગોરાભાઇ ચલાવે છે.

શહેરકોટડાઃ રવિન્દ્રસિહ શોભરનસિહ કુશવાહ (ઉ.વ.૨૬) (રહે. માણેકનાથનગર વિભાગ-૧ ગાયત્રી સોસાયટી પાસે મેમ્કો નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૦૨૧ કલાક ૪/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશોકકુમાર રમેશભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી